ज्ञानं संछिन्न संशयम्। ❖ માસિક ❖ જ્ઞાનથી સંશય નાશ પામે છે.

❑ પ્રારંભ : માર્ચ ૧૯૬૯ આપણું અને આપણા પરિવારનું સાથી

# પગથાર

❑ વર્ષ : ૪૯ ❑ મે - ૨૦૧૭ ❑ અંક : ૪૩૯

● તંત્રી : શ્રી વિજયભાઈ અમૃતલાલ વ્યાસ ● સંપાદક : શ્રી અશોકભાઇ ર. જોષી

શ્રી સર્જન યુવક સંઘઃ પેટ્રન - આધારસ્તંભ : રૂા.૫૦૧ કે તેથી વધુ ❖ પગથારઃ વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- ❖ કિંમત : રૂા. ૫/-

કાર્યાલય : શ્રી સર્જન યુવક સંઘ, ૬,ગુરૂકૃપા, નવવિકાસ સોસાયટી,ડૉ. મસ્કરન્સ વાડી,ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, નવાગાંવ ટેકરી, દહિસર-વેસ્ટ, મુંબઈ-400068.
Website : www.pagthar.wordpress.com E-mail : pagthar@yahoo.com or sarjan.pagthar@rediffmail.com

## દરેક વ્યક્તિ લીડરોના ગુણો લઈને જન્મતા નથી લીડરશિપ

- ચંદ્રેશ હિંમતલાલ ધાબલીયા

● લીડરશિપ...એવી આવડત કે જે બધા લોકોનો સુમેળ અને સહયોગ કરી ટીમવર્ક થકી સમગ્ર ટીમને એક તાંતણે એક સમાન ધ્યેય માટે જોડી શકે.

● લીડરશિપ વિશેષના પ્રવર્તતા કેટલાક ખ્યાલો :

૧. લીડરશિપ એવી ક્ષમતા છે જે શુભ ઈરાદાઓને પરિણામોમાં રૂપાંતરિત કરી શકે.

૨. એક એવો પ્રભાવ છે કે જે બીજાને કામ કરવા પ્રેરે છે.

૩. લીડરશિપ એ કોઈ હોદ્દો નથી પરંતુ કાર્યશીલતા છે, એક પ્રકારની જવાબદારી છે.

૪. લીડરશિપ એ એવી ક્ષમતા છે કે જે વ્યક્તિગત કે સામુહિક હેતુઓ સિધ્ધ કરવા માટે જૂથ તરફથી મહત્તમ પ્રયાસો અને સમર્થન મેળવે છે.

૫. લીડરશિપ એટલે એવી વ્યક્તિનું જીવન કે જેમની વાણી, વર્તન અને વ્યવહારમાં એક સૂત્રતા હોય.

૬. લીડરશિપ એટલે એવી આવડત કે જે બધા લોકોના સહકાર દ્વારા ટીમવર્ક ઉભુ કરી શકે.

● **લીડરો કોઈની રાહ નથી જોતા :** હમેશા કોઈના સૂચનો મળે પછી કામે નથી લાગતા પણ એ પહેલાં શરૂઆત કરી દેતાં હોય છે. આ દુનિયા/સમાજમાં મોટા ભાગના લોકો ખૂબ ઓછા લોકોને અનુસનારા હોય છે.

● **લીડરો માટે લીડરશિપ એ કોઈપણ બાબતની પહેલ કરવાની કે નવો ચીલો ચીતરવાની વૃત્તિ છે :** નવી પહેલમાં શરૂઆતમાં ભલે ટીકા કે અસ્વીકૃતિનો સામનો કરવો પડે. તેમ છતાં કોઈની દરકાર વગર આગળ વધવું એજ સાચી લીડરશિપ છે. દરેક કામની શરૂઆત એક વ્યક્તિથી થાય છે : પ્રથમ તે નિંદાય છે, ક્યારેક લોકોમાં વિરોધ પણ થાય છે અને ક્યારેક કેટલાક સમય દુઃખ પણ સહન કરવું પડે છે પરંતુ જો તે વ્યક્તિ

*અનુસંધાન પેઈજ નં.૨ ઉપર..*

## શ્રી સર્જન યુવક સંઘ

### શૈક્ષણિક દર્શન યાત્રા

**મુંબઈથી ભુતાન (થીમ્પુ, પુનાખા, પારો), હાવરા, કોલકત્તા, ગંગાસાગર, પુરી ભુવનેશ્વરથી મુંબઈ**

**: પ્રવાસ :**

પ્રસ્થાન : મુંબઈથી તા.૩-૯-૨૦૧૭ સવારે ૭.૩૦
આગમન : મુંબઈ તા.૧૬-૯-૨૦૧૭ સવારે ૪.૦૦
ટ્રેઈન 3 AC - તથા ડીલક્ષ Non AC - બસનો પ્રવાસ

**: પ્રવેશ શુલ્કદાન :**

પ્રત્યેક સ્વજન રૂા.૩૫૫૦૦/-,
વયસ્ક પુરૂષ રૂા.૩૩૫૦૦/-, વયસ્ક સ્ત્રી રૂા.૩૨૫૦૦/-
ટ્રેઈનમાં બાળકો માટે બર્થ વિના રૂા.૩૧૦૦૦/-

**: પ્રવેશ સંચાલન :**

શ્રી ચિંતન તન્ના, ચોઈસ ટૂર્સ એન ટ્રાવેલ્સ, મુંબઈ

**: વિશેષ નોંધ :**

❑ મુંબઈથી જવાની તથા પાછા ફરવાની મુસાફરી મુંબઈ સુધી By Air થી મુંબઈ સુધી કરી શકાશે તે માટે ઉપરોક્ત પ્રવેશશુલ્ક દાન ઉપરાંત આશરે અને રૂા.૫૦૦૦/- અને રૂા.૨૫૦૦/- પ્રવેશશુલ્ક દાન આપવાના થશે.

❑ રૂા.૧૦૦૦૦/- પ્રવેશશુલ્ક પેટે ચેકથી નામ નોંધવવા વિનંતી છે. ચેક સાથે ચાર ફોટા, પાસપોર્ટ અને આધારકાર્ડની બે નકલ આપવાની છે.

❑ વધુ વિગતો માટે અને નામ નોંધાવવા સંપર્ક પ્રતિનિધિ

- ❑ **શ્રી જયકાન્ત મ. જોષી** - ફોન (0) 98196 21997
- ❑ **શ્રી વિનય કા. જાની** - ફોન (0) 79771 51134
- ❑ **શ્રી જશવંતભાઈ અં. જોષી** - ફોન (0) 97256 88266
- ❑ **શ્રી બીપીન અં. ઉપાધ્યાય** - ફોન (0) 97241 55316
- ❑ **શ્રી અશોક ર. જોષી** - ફોન (0) 98670 53517
- ❑ **શ્રી હરિહર પ્ર.વ્યાસ** - ફોન (0) 9426535646

● **વહેલો તે પહેલાથી નામ નોંધણી કરાશે.**

 સામે વાળી વ્યક્તિ જરા વધુ પડતી ભોળી હતી એટલે જ તમે ચતુર કહેવાયા એ વાત ભૂલતા નહી. 

*અનુસંધાન પેઈજ નં.૧ ઉપરથી ચાલુ...*

ડરતો નથી તો લોકો ધીમે ધીમે તેનો સ્વીકાર કરે છે. પછી તેને સાથે સમુહમાં જોડાય છે. લોકો સાથે આવે કે નહી, લોકો નારાજ થાય કે વિરોધ કરે પણ લીડર જે સાચું છે તેને જ હંમેશા અનુસરે છે.

• **સારા લીડરો બીજાં કરતા વધારે જુએ છે, બીજા કરતાં વારંવાર જુએ છે અને હમેશા બીજા કરતા પહેલા જુએ છે:** ઘણા લીડરોને પોતાનું વિઝન અને વિઝનરી હોય છે. વિઝન એટલે કોઈ બાબતને લઈને આદર્શનું સ્પષ્ટ ચિત્ર. લીડરો કલ્પનાના સહારે ઉભા કરેલા, હાલની પરિસ્થિતિની સ્પષ્ટ સમજણ, હાલની પરિસ્થિતિથી આદર્શ તરફ જવાના પગથિયાંઓનો ખ્યાલ તથા તે તરફ જવા માટેના પ્રથમ સ્ટેપ (પગથિયા)ની જાણકારી. સાચો લીડર આટલું વિઝન કેળવે તેજ કુશળતાપૂર્વક કામ કરી શકે છે. જો વિઝન ન હોય તો વ્યક્તિ કાર્યરત રહે, મળ્યા કરે, પરંતુ તેના પ્રયત્નો યા તો નિષ્ફળ રહે, યા તો બિનઅસરકારક નીવડે તેવું બની શકે.

• **સકારાત્મક વિચારસરણીથી પ્રત્યેક સમસ્યાનો ઉકેલ આવી જાય તે આવશ્યક નથી, પરંતુ એ વિચારસરણીને કારણે જ સમાજનો મોટો વર્ગ લાભાન્વિત થાય એજ પ્રયત્ન સાર્થકતા છે.** લીડરશિપ એટલે જાગૃતિ અને સતત પરિવર્તન. જે મનુષ્યો સતત જાગૃતિપૂર્વક જીવવા પ્રયત્નશીલ હોય છે, તેઓ સતત શીખતા રહે છે અને જેઓ સતત હકારાત્મક પરિવર્તન પામતા હોય છે તેઓ નેતૃત્વની અનન્ય લાક્ષણિકતા ધરાવતા હોય છે. લીડરશિપ તેના અભિગમથી ઓળખાય છે. લીડરો એ બાબતે સ્પષ્ટ હોય છે કે કઈ બાબત બદલી શકાય તેમ છે અને કઈ બાબત સ્વીકારી શકાય તેમ છે. મહત્ત્વની બાબત એ છે કે આ બન્ને બાબતો વચ્ચેનો વિવેક તેમને ખબર હોય છે. સાચા લીડરો કોઈપણ કઠિનમાં કઠિન પરિસ્થિતિની કલ્પના કરી શકે છે અને વર્તમાન સ્થિતિનો કાબૂ પોતાના સ્વનિયંત્રણ થકી કરી લે છે. લીડરો પોતાના લીડરશિપથી કોઈપણ ઘટના કે પરિસ્થિતિને અલગ રીતે જોવાનો અને તેમાંથી ઉપાય શોધી કાઢવાનો દૃષ્ટિકોણ હોય છે.

## શૈક્ષણિક સહાય-સન ૨૦૧૭-૨૦૧૮

શ્રી સર્જન યુવક સંઘ તરફથી શૈક્ષણિક શિષ્યવૃત્તિ, યુનિફોર્મ, ટેક્ષ્ટબુકો વિગેરેની સહાય સંસ્થાના સભાસદો અને તેમના પરિવારોના જરૂરીયાતવાળા વિદ્યાર્થીભાઈબહેનોને આ શૈક્ષણિક વર્ષ સન ૨૦૧૭-૨૦૧૮ દરમિયાન પણ અપાશે. સન ૨૦૦૬થી શરૂ કરાયેલ આ યોજનામાં જરૂરિયાતવાળા વિદ્યાર્થીભાઈબહેનોને શિષ્યવૃત્તિ, યુનીફોર્મ, ટેકસ્ટબુકો વિગેરેની શૈક્ષણિક સહાયના સ્વરૂપે સંસ્થા તરફથી **સ્વ. જતીન રજનીકાન્ત પંડ્યા, સ્વ. પ્રેમીલાબેન ડાહ્યાલાલ જોષી, સ્વ. જયેશ કિરણચંદ્ર ત્રિવેદી, સુશ્રી મહેશ્વરીબેન દીલીપભાઈ વ્યાસ અને એક સદ્‌ગૃહસ્થના સ્મરણાર્થે** સ્કોલરશીપ અપાશે. આ માટે સંસ્થાના કાર્યાલય (૬, ગુરૂકૃપા, ડો. મસ્કરન્સ વાડી, નવવિકાસ સોસાયટી, નવાગાંવ ટેકરી, ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, દહિંસર (વેસ્ટ), મુંબઈ - 400 068) માં જરૂરી કાગળો સાથે અરજીપત્ર મોકલવા વિનંતી છે.

---

## : પાણી પરબ :

**સ્વ. સુરેખાબેન શંકરલાલ ભટ્ટ** (આગલોડ)ના સ્મરણાર્થે દાતાના સહયોગથી આગલોડમાં સીઝનલ પાણીપરબ તાજેતરમાં શ્રી સર્જન યુવક સંઘ તરફથી શરૂ કરાઈ છે.

---

## યજ્ઞોપવિત સંસ્કાર

**સુશ્રી રેખાબેન** તથા **શ્રી ધ્રુવ ડાહ્યાલાલ બબાશંકર જોષી** (આગલોડ)ના સુપુત્ર **ચિ.જસ્મિન**ને શામળાજીમાં તા.૨૯-૩-૨૦૧૭ના રોજ યજ્ઞોપવિત્ સંસ્કાર અપાયા છે.



સ્વામી પ્રણવાનંદગીરીજી મહારાજ

**જીવનમાં મુંજવતા દરેક પ્રશ્નોના ઉકેલ માટે**
**તથા**
**સુખશાંતિ અને સમૃધ્ધિ પ્રાપ્તિ માટે સંપર્ક કરજો**
**નવચંડીહવન, શ્રીમદભાગવતકથા, લઘુરૂદ્ર તથા અન્યવિધિ કરવામાં આવશે**
**સંપર્ક**
**સ્વામી પ્રણવાનંદગીરીજી મહારાજ**
B 3/૧, ગ્રાઉન્ડ ફ્લોર, ખજુરીયા નગર, કાંદીવલી (વેસ્ટ), મુંબઈ - 400067.
ફોન M. (0) 9920961768, (0) 9820861768
Email : astrology768@gmail.com / swamipranvanandgirijimaharaj.com

**શ્રી સર્જન યુવક મંડળ**
**તાજેતરમાં સાંપડેલ સ્વીકારની દાન-વચનદાનની નોંધ**

## શૈક્ષણિક (નોટબુક-બુક બેંક) યોજનામાં ફાળો

રૂ.૨૧૦૦૦/- **શ્રી રમેશભાઈ ગીરધરલાલ જપી** તરફથી/ મારફત સાંપડેલ ભેટ
- રૂ. ૨૦૦૦/- નૂતન સાયકલ કોરપોરેશન
- રૂ. ૨૦૦૦/- સુશ્રી ઈન્દુમતીબેન મણીલાલ સેવક ચેરીટેબલ ટ્રસ્ટ
- રૂ. ૧૫૦૦/- શ્રી હરેશભાઈ એમ.દવે / શ્રી સુભાષ એમ. દવે
- રૂ. ૧૫૦૦/- શ્રી બાબુભાઈ વોરા
- રૂ. ૨૦૦૦/- ઠાકર બ્રધર્સ
- રૂ. ૨૦૦૦/- શ્રી પંકજભાઈ પી. દવે / શ્રી સંજયભાઈ પી. દવે
- રૂ. ૧૫૦૦/- શ્રી કેશવલાલ પંડયા / પ્રિયંકા એન્ટરપ્રાઈઝ
- રૂ. ૧૫૦૦/- શ્રી મંગળદાસ કે. મહેતા / શ્રી તનસુખ મહેતા
- રૂ. ૧૫૦૦/- શ્રી અવિનાશ જાની
- રૂ. ૧૫૦૦/- શ્રી મહેશભાઈ જી. દવે
- રૂ. ૨૦૦૦/- M.S.S.Engineering & Industrial Equipment Pvt. Ltd.
- રૂ. ૨૦૦૦/- શ્રી નિતીનભાઈ શાહ

રૂ.૧૬૦૦૦/- **શ્રી વરૂણભાઈ પુરૂષોત્તમદાસ જપી** તરફથી / મારફત સાંપડેલ ભેટ
- રૂ. ૧૦૦૦૦/- પી. કે. જપી એન્ડ કું.
- રૂ. ૧૫૦૦/- શ્રી રાજેન્દ્ર ગ્લાસ હાઉસ
- રૂ. ૧૫૦૦/- શ્રી રેણુકા એન્ટરપ્રાઈઝ
- રૂ. ૧૫૦૦/- ARR Nathan Glass Corp.
- રૂ. ૧૫૦૦/- નારાયણ નાદર ગ્લાસ કું.

રૂ. ૬૦૦૦/- **શ્રી જયકાન્ત મ. જોષી** મારફત સાંપડેલ ભેટ
- રૂ. ૨૦૦૦/- ડાયમંડ જ્વેલર્સ
- રૂ. ૨૦૦૦/- ભથીજા જીપ હાઉસ
- રૂ. ૨૦૦૦/- પી.વ્રજલાલ એન્ડ એસોસીયેટ

રૂ. ૧૫૦૦/- **સ્વ.ડાહીબેન પ્રભાશંકર વ્યાસ**ના સ્મરણાર્થે **શ્રી અરવિંદ પ્રભાશંકર વ્યાસ** તરફથી ભેટ

રૂ. ૧૫૦૦/- **શ્રી સીધ્ધાર્થ શીવશંકર ઠાકર** તરફથી ભેટ

રૂ. ૨૦૦૦/- **સ્વ.જશુમતીબેન સુમનભાઈ ઠાકર**ના સ્મરણાર્થે ભેટ

રૂ. ૨૦૦૦૦/- **સ્વ.ગજાનનભાઈ રમણિકલાલ ઠાકર**ના સ્મરણાર્થે ભેટ

રૂ. ૧૦૦૦૦/- **શ્રી મયુરભાઈ બી. પાધ્યાય** તરફથી ભેટ

રૂ. ૫૦૦૦/- **શ્રી વિજયભાઈ અમૃતલાલ વ્યાસ** મારફત સાંપડેલ ભેટ
- રૂ. ૨૦૦૦/-માસ્ટર એન્ડ એસોસીયેટ
- રૂ. ૧૫૦૦/-સમીર ડાયમન્ડ
- રૂ. ૧૫૦૦/- હિંદીટ્રોન સર્વિસ પ્રા. લિ.

રૂ. ૪૦૦૦/- **સ્વ. સવિતાબેન તથા સ્વ. કપીલદેવ બળદેવરામ પાઠક**ના સ્મરણાર્થે ભેટ

રૂ. ૪૦૦૦/- **સુશ્રી સુધાબેન નલિનભાઈ દેસાઈ** તરફથી ભેટ

રૂ. ૪૫૦૦/- **સુશ્રી અંજનાબેન વિનયભાઈ જાની** તરફથી ભેટ
- રૂ. ૧૫૦૦/- એક શુભેચ્છક તરફથી
- રૂ. ૧૫૦૦/- સુશ્રી અંજના વિનય જાની
- રૂ. ૧૫૦૦/- શ્રી ગુરૂદેવ આર્ટ

રૂ. ૨૦૦૦/- **શ્રી દેવદત્તભાઈ ભોગીલાલ રાવલ** તરફથી ભેટ

રૂ. ૨૦૦૦/- **સ્વ. ગોવિંદરામજી ગુલાબચંદજી દવે**ના સ્મરણાર્થે **શ્રી હીતેશભાઈ ગોવિંદરામજી દવે** તરફથી ભેટ

રૂ. ૫૦૦૦/- **સ્વ.ચંદ્રિકાબેન અમૃતલાલ વ્યાસ**ના સ્મરણાર્થે **શ્રી જગદીપ અમૃતલાસ વ્યાસ** તરફથી ભેટ

રૂ.૨૦૦૦/- **ચીંતન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**

રૂ. ૧૫૦૦/- **શ્રી જયભાઈ તુલસીદાસ પંડ્યા** મારફત Consindia Pvt. Ltd. તરફથી ભેટ

રૂ. ૧૦૦૦૦/- **સ્વ. સુરેખાબેન શંકરલાલ ભટ્ટ સ્વ.મીરાતબા વિઠ્ઠલરામ ભટ્ટ, સ્વ.ચંચળબા બાબુલાલ જોષી તથા સ્વ.શશીકળા ભાનુશંકર જોષી**ના સ્મરણાર્થે **શ્રી દિલીપભાઈ શંકરલાલ ભટ્ટ** તરફથી ભેટ

રૂ. ૨૦૦૦/- **શ્રી હરેનભાઈ દામોદરદાસ મહેતા** તરફથી ભેટ

રૂ.૧૫૦૦/- **શ્રી સનાતનભાઈ નર્મદાશંકર જોષી** મારફત સાંપડેલ ભેટ
- રૂ.૧૫૦૦/- કૃણાલ પેપર પ્રા.લી.

રૂ.૧૫૦૦/- **શ્રી અશોકભાઈ ન. જોષી (હરિઓમ)** મારફત સાંપડેલ ભેટ
- રૂ.૧૫૦૦/- સ્વ.પ્રભાબેન પ્રેમજીભાઈ ગાલા

### આજીવન સભાસદ

- રૂ. ૫૦૧/- **કુ.કોમલ જય પંડયા**
- રૂ. ૫૦૧/- **શ્રી રાજ જય પંડયા**
- રૂ. ૫૦૧/- **શ્રી સુધીર દેવેન્દ્રદત્ત જોષી**
- રૂ. ૫૦૧/- **સુશ્રી હલક સુધીર જોષી**

### શિક્ષણ ફંડ

- રૂ. ૫૦૦૦૦/- **એક સદગૃહસ્થ તરફથી**
- રૂ. ૨૦૦૦૦/- **એક સદગૃહસ્થ તરફથી**

### પેટ્રન આધાર સ્થંભ ફંડ

- રૂ. ૫૦૧/- **સુશ્રી રેખા ધ્રુવ જોષી**
- રૂ. ૫૦૧/- **સુશ્રી હેમાંગી મીતેષ રાવલ**
- રૂ. ૫૦૧/- **શ્રી યોગેશચંદ્ર ગૌતમેશ્વર ભટ્ટ**

**'સર્જન પગથાર'** આ સહુ શુભેચ્છક દાતાઓનું દાન સહર્ષ સ્વીકાર કરે છે અને આભાર વ્યક્ત કરે છે.


શુભેચ્છા સહ...

# સ્વ. પરિમલ નાથાલાલ ભટ્ટ

તાલુકા : વિજાપુર, જિલ્લા : મહેસાણા,
આગલોડ, ઉત્તર ગુજરાત


આખી દુનિયા ફરીને માણસ ઘરે આવે એટલે એનો આખો થાક ઉતરી જાય સાહેબ... પણ.... જે માણસ ઘરમાં થાકે ને એનો થાક આખીય દુનિયામાં ક્યાય ના ઉતરે લખી રાખજો.

# સ્મરણાંજલિ



## સ્વ.પ્રવિણચંદ્ર અંબાલાલ ભટ્ટ

(આગલોડ)

જીવનયાત્રા

જન્મ : તા.૧૦-૯-૧૯૪૨ ❐ દેહોત્સર્ગ : તા.૨૮-૩-૨૦૧૭

**नैनं छिदन्ति शस्त्राणि नैनं दहति पावकः।** **આત્મા શસ્ત્રોથી છેદાતો નથી, અગ્નિથી બળતો નથી,**

**न चैनं कलेदयन्त्यापो न शोषयति मारुतः ।।** **પાણીથી ઓગળતો નથી અને વાયુથી ઉડી જતો નથી.**

**આપનું વાત્સલ્ય અમારો પ્રાણ હતો, આપનો સંસ્કાર વારસો અમારી મુડી હતી**
**આપનો પ્રેમાળ સ્વભાવ અમારી પ્રેરણા હતી, આપની ધાર્મિક-ભાવના અમારો આદર્શ હતો**
**આપનો આશીષ એજ અમારી શક્તિ હતી, આટલુ અમે જાળવી શકીએ એજ શ્રધ્ધાંજલિ**
**આપના અમો ઋણી છીએ.**

સ્વર્ગસ્થની સ્મશાનયાત્રામાં તેમજ પ્રાર્થનાસભામાં સંકળાયેલા સર્વ આત્મિયજનોએ અને મિત્રોએ રૂબરૂમાં તેમજ ટેલીફોન કે પત્રથી અમારા કુટુંબ પરિવારના દુ:ખમાં સહભાગી થનાર અને સાંત્વના આપનાર સર્વનો ભટ્ટ અને પંડયા પરિવારનો અંત:કરણપૂર્વક આભાર.

**ગં.સ્વ. સુધાબેન પ્રવિણચંદ્ર ભટ્ટ**

**અશ્વિન પ્રવિણચંદ્ર ભટ્ટ** — **અ.સૌ.પ્રજ્ઞા અશ્વિન ભટ્ટ**
**પંકજ પ્રવિણચંદ્ર ભટ્ટ** — **અ.સૌ.મીતા પંકજ ભટ્ટ**
**ડૉ.જગદીશભાઈ અંબાલાલ ભટ્ટ** — **અ.સૌ.નલિનીબેન જગદીશભાઈ ભટ્ટ**
**સુરેશભાઈ અંબાલાલ ભટ્ટ** — **અ.સૌ.ઉષાબેન સુરેશભાઈ ભટ્ટ**
**દિનેશભાઈ અંબાલાલ ભટ્ટ** — **અ.સૌ.હસુમતીબેન દિનેશભાઈ ભટ્ટ**
**જયેશકુમાર રમણીકલાલ પંડયા** — **અ.સૌ.ગાયત્રીબેન જયેશકુમાર પંડયા**

**સ્વ.રમણલાલ અંબાલાલ ભટ્ટ**

**પુષ્પો :**
**પ્રિયંકા - સેજલ - ઋતુજા**
**ભટ્ટ પરિવાર તથા**

**સ્વ.ડાહ્યાલાલ વેણીરામ પંડયા - ગં.સ્વ.સવિતાબેન ડાહ્યાલાલ પંડયા**

**ઉપેન્દ્રભાઈ ડાહ્યાલાલ પંડયા** — **અ.સૌ.રમિલાબેન ઉપેન્દ્રભાઈ પંડયા**
**ઉમેશભાઈ ડાહ્યાલાલ પંડયા** — **અ.સૌ.રક્ષાબેન ઉમેશભાઈ પંડયા**

**સંજય ડાહ્યાલાલ પંડયા**
**(કડોલી)**
**પંડયા પરિવાર**



લોકો કહે છે કે ખર્ચ કરતા પહેલા કમાઈ જાણો, પરંતુ અનુભવ કહે છે, સાહેબ
ખર્ચ કરવા જેટલું કમાઓ ત્યાં જિંદગી ખર્ચાઈ જાય છે.

## શ્રી સર્જન યુવક સંઘ

દ્વારા આયોજીત

## સરસ્વતીનો દરબાર

**સોમવાર, તા.૨૨મી મે ૨૦૧૭ની સાંજે**
ગંગાબેન જપી સભાગૃહ, ભાવીક એપાર્ટમેન્ટ,
રોકડીયા લેન, બોરીવલી (વેસ્ટ),
મુંબઈ - ૪૦૦૦૯૨.

### કાર્યક્રમ

| સમય | વિગત |
|---|---|
| સાંજે ૪ થી ૫ | ભાઈચારાની ગપસપ સાથે ચા-કોફી-પાણી |
| સાંજે ૫ થી ૬ | રંગેરંગા કવિઓની કવિતાનો ટહૂકો |
| સાંજે ૬ થી ૬.૩૦ | **શ્રી અનંત કાન્તીલાલ જાની** લીખીત ***શુભલાભ*** પુસ્તકનું વિમોચન - લોકાર્પણ વિધિ<br>**પુસ્તક વિમોચનકર્તા :**<br>**ડૉ.જ્યોતિન્દ્રભાઈ દેવશંકર આચાર્ય**<br>**સમારંભ પ્રમુખ :**<br>**શ્રી સુરેન ઠાકર 'મેહુલ'**<br>ટ્રસ્ટી શ્રી સ.સા.ન.મંડળ<br>શ્રી સર્જન યુવક સંઘ<br>**માનાર્હ સ્વજન :**<br>**સુશ્રી હેમાબેન દક્ષેશભાઈ ઠાકર**<br>પ્રમુખ, મહિલા ઉત્કર્ષ મંડળ |
| સાંજે ૬.૩૦ થી | મહા ભોજનપ્રસાદ |

**સર્વને હાર્દિક આમંત્રણ**

### વિનંતી

''**પગથાર**'' માં પ્રતિમાસ પ્રત્યેક લગ્ન, યજ્ઞોપવિત સંસ્કાર અને વિવિધ માંગલિક પ્રસંગોના સમાચાર પ્રગટ થાય છે. આ સમાચાર ક્યારેક વિવિધ સ્થળોએથી સાંપડે છે અને ક્યારેક મેળવવામાં આવે છે. આવા પ્રત્યેક મંગલ પ્રસંગોનું આમંત્રણ કાર્ડ અથવા કંકોત્રી ''**સર્જન-પગથાર**''ના કાર્યાલયમાં મોકલવા વિનંતી છે જેથી પ્રત્યેક સમાચારોનું સંકલન સરળતાથી થઈ શકે અને તે સમાચાર '**પગથાર**'માં પ્રગટ કરી શકાય. આવા સહયોગની અમને અપેક્ષા છે.

### વિનંતી

આપશ્રી સર્જન યુવક સંઘ -પગથારના શુભેચ્છક દાતાઓને નમ્ર વિનંતી છે કે આપ શ્રી સર્જન યુવક સંઘના દેના બેંક, માઉન્ટ પોઈસર, બોરીવલી (વેસ્ટ), મુંબઈમાં સેવિંગ ખાતા નં. 048710006834, IFS Code : BKDN0460487 Core Banking દ્વારા આપની નજીકની દેના બેંકની બ્રાન્ચમાં રોકડ તથા ચેકથી દાન ભરી શકશો. આ દાન ભર્યા પછી તેની જાણ પત્ર દ્વારા અથવા 09867053517 મોબાઈલ દ્વારા SMS થી ચેક નંબર, બેંકનું નામ, રકમ અને તારીખ વિગેરે વિગતો જણાવવા અથવા whatsapp ઉપર બેંકસ્લીપનો ફોટો મોકલવા વિનંતી છે અથવા તે બેંક સ્લિપ સંસ્થાના કાર્યાલયમાં મોકલવા અથવા શ્રી સર્જન યુવક સંઘના E-Mail ID ઉપર મોકલશો. બેંક સ્લીપ ઉપર ચેક નંબર, રકમ, તારીખ અને બેંકનું નામ લખવા વિનંતી છે.


**ભરત પટેલ**
**M (O) 09586826814**

**દેવાંગ પંડયા**
**M (O) 9879034149**

**જે.કે.એન્ટરપ્રાઈઝ**
ઉત્પાદક : સ્ટીલ પાવડા, લોખંડ પાવડા
મુ.નવા સંઘપુર, તા. વિજાપુર, જિલ્લો : મહેસાણા. (ઉ.ગુ)
**Email : dev_pandya1989@yahoo.com**

With Best Compliments From :



**ARYANIVAS**
**RESIDENTAL HOTEL**
KALBADEVI ROAD, MUMBAI - 400 002.
PHONE - (022) 2201 1011, 2205 1211, 2206 6679 GRAM : ARYANIVAS, MUMBAI - 2.


દોસ્ત...કેટલો ચાલાક હતો તું ! ! ! ગીફ્ટ માં 'ઘડિયાળ' તો આપી ગયો..
પણ ત્યાર પછી ! ! ! 'સમય' આપવાનું ભુલી ગયો ! ! !....

# અમારા માતુશ્રી

જન્મ :
તા. ૬-૧૦-૧૯૨૪

દેહોત્સર્ગ :
તા. ૭-૪-૨૦૧૭



**સ્વયંસિધ્ધા**

## સ્વ.મણીબેન કાંતિલાલ જાની

(દેરોલ)

**नैनं छिदन्ति शस्त्राणि नैनं दहति पावकः ।**
**न चैनं कलेदयन्त्यापो न शोषयति मारूतः ।।**

**આત્મા શસ્ત્રોથી છેદાતો નથી, અગ્નિથી બળતો નથી,**
**પાણીથી ઓગળતો નથી અને વાયુથી ઉડી જતો નથી.**

મણીબા શિવધામ શુક્રવાર તા.૭મી એપ્રિલે શીધાવ્યાં તે અવસરે અમારી સાથે તથા શિવધામમાં આવી અંતિમવેળાના સ્વધામ શીધાવ્યાના માંગલ્ય પર્વને ઉજવવા તથા તે અંગેના સંદેશા પાઠવી અમારા સાથે સહભાગી થયા તે સર્વનો અમે અંતઃપૂર્વક આભારી છીએ.

**અનંતભાઈ કાંતિલાલ જાની**
**વિનયભાઈ કાંતિલાલ જાની**
**જાગૃત અનંતભાઈ જાની**
**ઉત્કર્ષ અનંતભાઈ જાની**
**રીધ્ધેશ વિનયભાઈ જાની**
**પ્રતીક વિનયભાઈ જાની**
**ધ્રુવ જાગૃતભાઈ જાની**

**સ્વ.કુંદન અનંતભાઈ જાની**
**અ.સૌ.અંજના વિનયભાઈ જાની**
**અ.સૌ.રૂપાલી જાગૃત જાની**
**અ.સૌ.સેજલ ઉત્કર્ષ જાની**
**અ.સૌ.સ્વાતિ રીધ્ધેશ જાની**
**રૂદ્રાંશ ઉત્કર્ષ જાની**
**ઋગ્વેદા ઉત્કર્ષ જાની**

**ઈશા જાગૃતભાઈ જાની**

**ૐ મૈયા શરણં મમ્। ૐ મૈયા શરણં મમ્। ૐ મૈયા શરણં મમ્। ૐ મૈયા શરણં મમ્।**

## શતં જીવ શરદઃ

**(‘સર્જન’ના સભાસદો અને /અથવા પેટ્રન-આધારસ્થંભ દાતા)**

| | | | |
|---|---|---|---|
| શ્રી વિનયભાઈ કાન્તીલાલ જાની | દેરોલ | ૧૧મી મે | 07738581057 |
| શ્રી ધર્મેન્દ્રભાઈ કનૈયાલાલ જોષી | એકલારા | ૧૧મી મે | 09029011574 |
| શ્રી જનકભાઈ કિશોરભાઈ જોષી | દેરોલ | ૧૩મી મે | 09930038964 |
| સુશ્રી અંકીતા જતીન જોષી | ઈલોલ-મુંબઈ | ૧૪મી મે | - |
| શ્રી પ્રતીક વિનયભાઈ જાની | દેરોલ | ૧૫મી મે | (022)28421025 |
| સુશ્રી સુનિતાબેન અજયભાઈ જોષી | દાવડ | ૧૫મી મે | - |
| શ્રી નરેશભાઈ બચુભાઈ ઠાકર | રંગપુર | ૧૬મી મે | 09979747985 |
| સુશ્રી કેજલ દેવાંગ ગાંધી | આગલોડ-મુંબઈ | ૧૭મી મે | 08097467383 |
| શ્રી મુકેશભાઈ ઉમાકાન્ત જોષી | ઈલોલ | ૧૭મી મે | 09820637160 |
| શ્રી ધર્મેશ જશવંતભાઈ પંડ્યા | સંઘપુર | ૧૮મી મે | 09870031038 |
| શ્રી અમીત નરેન્દ્રભાઈ લાલાજી | આગલોડ-મુંબઈ | ૧૯મી મે | 09890533994 |
| સુશ્રી પ્રાજક્તા નીલાંગ જોષી | આગલોડ | ૨૦મી મે | (022)28411608 |
| સુશ્રી પલક સાગર જોષી | આગલોડ | ૨૦મી મે | 09898474214 |
| સુશ્રી નીકેતા કલ્પેશ ભટ્ટ | જામળા - કેનેડા | ૨૨મી મે | 19052706127 |
| શ્રી અનીલભાઈ હરગોવિંદદાસ જોષી | દાવડ | ૨૩મી મે | 09428135995 |
| શ્રી જીતેન્દ્રભાઈ છગનલાલ જોષી | આગલોડ-મુંબઈ | ૨૪મી મે | (022)28910138 |
| શ્રી મુક્તેશ હરિહરભાઈ વ્યાસ | સાંપડ | ૨૬મી મે | 09428832872 |
| શ્રી અનીરૂદ્ધભાઈ મહીધરલાલ જોષી | દાવડ | ૨૬મી મે | 09322065592 |
| સુશ્રી સેજલ ઉત્કર્ષ જાની | દેરોલ | ૨૮મી મે | 09769101616 |
| કુ. ફોરમ ભરતભાઈ જપી | સાચોદર | ૨૮મી મે | 09323613438 |
| શ્રી ડૉ. રમેશભાઈ ચંદુલાલ શર્મા (ઠાકર) | આગલોડ | ૨૮મી મે | 09422711490 |
| સુશ્રી નેહલ નીશાન્ત વસાણી | આગલોડ-મુંબઈ | ૩૦મી મે | 09920883425 |
| સુશ્રી તુલસી અમીત ભટ્ટ | આગલોડ | ૩૧મી મે | (02763)283378 |
| શ્રી કેતનભાઈ અશ્વિનભાઈ ઠાકર | પ્રેમપુર | ૩૧મી મે | 09821093924 |
| શ્રી ઉમેશભાઈ ડાહ્યાલાલ પંડયા | કડોલી | ૩૧મી મે | 09833890045 |
| શ્રી જયેશ રમણીકલાલ પંડયા | કડોલી | ૩૧મી મે | 09322227548 |
| સુશ્રી પૂર્વી આશીષ જાની | દેરોલ | ૧લી જૂન | (02772)231606 |
| શ્રી રમેશભાઈ રતીલાલ જોષી | દાવડ | ૧લી જૂન | 09867204960 |
| સુશ્રી નયનાબેન પ્રદીપભાઈ ભટ્ટ | આગલોડ | ૧લી જૂન | 09825904192 |
| સુશ્રી વર્ષાબેન નરેશભાઈ પંડ્યા | સંઘપુર | ૧લી જૂન | 09726770532 |
| શ્રી રમેશભાઈ ડાહ્યાલાલ પટેલ | દાવડ-વડોદરા | ૧લી જૂન | (0265)6419562 |
| શ્રી ધીરેન્દ્ર મુળશંકર ભટ્ટ | આગલોડ | ૧લી જૂન | 09428807066 |
| શ્રી પ્રદીપભાઈ કપીલદેવ પાઠક | ખેડાવાડા | ૨જી જૂન | 07698553697 |
| શ્રી કિર્તીભાઈ રતીલાલ જોષી | દાવડ | ૨જી જૂન | 09004573355 |
| શ્રી પ્રવિણચંદ્ર ત્રીકમલાલ પાઠક | ખેડાવાડા | ૨જી જૂન | 09926702708 |
| શ્રી કમલભાઈ મુળશંકર ભટ્ટ | આગલોડ | ૪ થી જૂન | 09428016070 |
| શ્રી ભરતભાઈ અમૃતલાલ વ્યાસ | દેરોલ | ૫મી જૂન | 09820339854 |
| શ્રી અનીલ મનહરલાલ મહેતા | બેરણા-રાજકોટ | ૫મી જૂન | - |
| શ્રી કિરણચંદ્ર ચુનીલાલ ત્રિવેદી | દેરોલ | ૫મી જૂન | 09898635180 |
| સુશ્રી ડૉ. કૃપા કલ્પેશ ત્રિવેદી | દેરોલ | ૬ઠ્ઠી જૂન | 09898468038 |
| શ્રી દેવ જીગ્નેશ જોષી | ઈલોલ | ૮મી જૂન | 09427689111 |
| શ્રી મધુકરભાઈ ત્રીકમલાલ જોષી | દેરોલ | ૧૦મી જૂન | 09408058500 |
| સુશ્રી દર્શના ધર્મેશ ભટ્ટ | આગલોડ | ૧૦મી જૂન | 09974460200 |

આપ સર્વ ભાઈ-બહેનોને આ જન્મ દિવસે સુખ, આનંદ, નીરોગી, આયુષ્ય અને સમાજમય જીવન સાંપડો એ શુભેચ્છાસહ અભિનંદન (‘સર્જન’ના સભાસદો અને/અથવા ‘પગથાર’ના પેટ્રન-આધારસ્થંભ દાતા છે પણ આ વિભાગમાં પ્રગટ થયા નથી તેઓએ તેમના નામ અને જન્મ તારીખ તુરંત જણાવવા વિનંતી છે આ વિભાગમાં હવે ‘સર્જન’ના સભાસદોના અને/અથવા **‘પગથાર’ના પેટ્રન-આધારસ્થંભ દાતાઓના નામ-ગામ અને જન્મતારીખ પ્રગટ થશે.** આજીવન સભાસદ ફી રૂા.૫૦૦/- અથવા પગથારના પેટ્રન થવા માટે રૂા.૫૦૧/- કે તેથી વધુ દાન મોકલવા વિનંતી છે. )

## પાઠય પુસ્તકો - બુક બેંક

**શ્રી સર્જન યુવક સંઘ**ના ઉપક્રમે ગત શૈક્ષણિક વર્ષ સન ૨૦૧૬ - ૨૦૧૭ની શરૂઆતમાં હિંમતનગર અને આસપાસના ગામોના વિદ્યાર્થી ભાઈ-બહેનોને ધો. ૮ થી ૧૨ના પાઠ્યપુસ્તકો આપવામાં આવેલ. તેઓ સહુ વિદ્યાર્થી ભાઈ-બહેનોને વિનંતી છે કે પરીક્ષાઓ હવે પુરી થવાથી આ પાઠ્યપુસ્તકો તુરત જ હિંમતનગરમાં શ્રી હરિહરભાઈ પ્ર. વ્યાસ (ફોનઃઘરઃ (02772) 232882)ને પરત કરવા વિનંતી છે. હવે શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૨૦૧૮ની શરૂઆતમાં હિંમતનગર અને તેની આસપાસના ગામોના વિદ્યાર્થીભાઈ-બહેનોને ધો.૮ થી ૧૨ના પાઠયપુસ્તકો મેળવવા માટે હિંમતનગરમાં શ્રી હરિહરભાઈ પ્ર. વ્યાસ (ફોનઃ ઘર : (02772) 232882)નો સંપર્ક સાધવા વિનંતી છે.

**- આયોજક : શ્રી સર્જન યુવક સંઘ, મુંબઈ - હિંમતનગર**

## ગુજરાતી માયનોરીટી સર્ટીફીકેટ

મુંબઈમાં કોલેજોમાં ગુજરાતી માઈનોરીટી ક્વોટામાંથી ગુજરાતીઓને પ્રવેશ અપાય છે. આ ક્વોટામાંથી પ્રવેશ મેળવવા માટે શ્રી સર્જન યુવક સંઘ - પગથાર તરફથી જરૂરી સર્ટીફિકેટ પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ સંસ્થાના પેટ્રન વિદ્યાર્થીભાઈ - બહેનોને અપાશે. આ સર્ટીફિકેટ મેળવવા માટે જરૂરી વિગતો સાથે અરજીપત્ર આપવાની રહેશે.

**આપણા મંડળની ઓફીસે કવર મોકલતા ખાસ ધ્યાનમાં લેવા વિનંતી.....**

શ્રી સાર્જન યુવક સંઘ, - મુંબઈ ઓફિસ ઉપર કવર મોકલો તો કવર ઉપર ખાસ "DROP" લખવા વિનંતી છે. કારણકે જો ઓફિસ બંધ હોય તો કવર પાછું જવાની પુરી સંભાવના રહે છે. આપનું કવર મંડળને વ્યવસ્થિત મળે અને પાછું ન જાય તે માટે નીચે મુજબ એડ્રેસ લખી મોકલવા વિનંતી છે. કવર ઉપર ખાસ "DROP" લખવા વિનંતી છે.

કાર્યાલય : શ્રી સર્જન યુવક સંઘ, ૬,ગુરૂકૃપા, નવવિકાસ સોસાયટી,ડૉ. મસ્કરન્સ વાડી,ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, નવાગાંવ ટેકરી, દહિસર-વેસ્ટ, મુંબઈ-400068.

Website : www.pagthar.wordpress.com

E-mail : pagthar@yahoo.com or sarjan.pagthar@rediffmail.com


સબંધ એ નથી કે કોની પાસેથી કેટલું સુખ મેળવો છો, સબંધ તો એ છે કે કોના વીના કેટલી એકલતા અનુભવો છો....

અણમોલ તમારા ગુણ, નીર્મળ તમારૂં મન, સૌની સાથે સ્નેહ સબંધ, ઉત્તમ તમારૂં જીવન
જેને ભુલી ન શકાય, કશી વેદના વિના, બીજું કોણ હોય ભલા તે "મા" વિના
**તમારા દિવ્ય આત્માને પરમશાંતિ અર્પે એજ પ્રાર્થના**



**સ્વ.કંચનબેન કોદરલાલ જોષી**
(મોયદ - આગલોડ) દેહોત્સર્ગ : તા.૭-૪-૨૦૧૭

**नैनं छिदन्ति शस्त्राणि नैनं दहति पावक: ।**
**न चैनं कलेदयन्त्यापो न शोषयति मारूत: ।।**

**આત્મા શસ્ત્રોથી છેદાતો નથી, અગ્નિથી બળતો નથી,**
**પાણીથી ઓગળતો નથી અને વાયુથી ઉડી જતો નથી.**

સ્વર્ગસ્થની સ્મશાનયાત્રામાં તેમજ પ્રાર્થનાસભામાં સંકળાયેલા સર્વ
આત્મિયજનોએ અને મિત્રોએ રૂબરૂમાં તેમજ ટેલીફોન કે પત્રથી અમારા
કુટુંબ પરિવારના દુઃખમાં સહભાગી થનાર અને સાંત્વના આપનાર
સર્વનો મોયદ તથા આગલોડના જોષી પરિવારના અંતઃકરણપૂર્વક
**જયશ્રીકૃષ્ણ**

**મહેન્દ્રભાઈ કાન્તીલાલ જોષી**
**દુષ્યંતભાઈ કોદરલાલ જોષી**
**ભાર્ગવભાઈ કાન્તીલાલ જોષી**
**જગદીશકુમાર અંબાલાલ ભટ્ટ**
**સ્વ.ભરતકુમાર વિઠ્ઠલદાસ પાઠક**
**વિજયકુમાર ઈન્દુભાઈ પંડયા**
**અશોકકુમાર ઉપેન્દ્રકુમાર જોષી**

**પૂર્ણિમાબેન મહેન્દ્રભાઈ જોષી**
**કીર્તીબેન દુષ્યંતભાઈ જોષી**
**પ્રીતીબેન ભાર્ગવભાઈ જોષી**
**નલીનીબેન જગદીશકુમાર ભટ્ટ**
**ભારતીબેન ભરતકુમાર પાઠક**
**મીનાબેન વિજયકુમાર પંડયા**
**રક્ષાબેન અશોકકુમાર જોષી**

**: કંચન "બા"ની વાડીના પુષ્પો :**

**જલ્પા • પ્રિયા • રીમા • ધર્મીત • હેતલ • નયના • પીન્કી • મેહુલ • કાજલ**
**કીશન • દર્શીત • ઉર્વી • પ્રાચી • અનીકા • અનુષા • અયાન • કાવ્યા • રીષભ**

## શ્રી સર્જન યુવક સંઘ

**નોટબુકો**

**શ્રી સર્જન યુવક સંઘના ઉપક્રમે સસ્તાદરથી નોટબુકો** હિંમતનગર અને તેની આસપાસના ગામોમાંના આપણા સ્વજનોમાં મે-જૂન ૨૦૧૭ દરમિયાન કાર્યકરો રૂબરૂ કરશે. આ ઉપરાંત નીચેના કાર્યકરો પણ નોટબુકોના વિતરણની વ્યવસ્થા સંભાળશે. આ નોટબુકો મેળવવા આ કાર્યવાહકોનો સંપર્ક કરવા વિનંતી છે. આ નોટબુકોનું વિતરણ નોટબુકો હશે ત્યાં સુધી અથવા તા.૩૦-૬-૨૦૧૭ સુધી કરાશે.

**: હિંમતનગર :**

**શ્રી હરિહરભાઈ પ્ર. વ્યાસ**

**સમય સાંજે ૪ થી ૭**

મુક્તાંગન,ગંગોત્રી સોસાયટી,બળવંતપુરા,તસીયા રોડ, **હિંમતનગર** ફોન : M : (O) 9426535646

**: અમદાવાદ :**

**શ્રી બીપીનભાઈ અં. ઉપાધ્યાય**

A-9, અક્ષરધામ ટેનામેન્ટસ, કૃષ્ણનગર, સૈજપુર બોઘા, અમદાવાદ. ફોન : M : (O) 9724155316

**: મુંબઈ :**

**શ્રી જય તુ.પંડયા**

**શ્રી સિધ્ધાર્થ શિ. ઠાકર**

**શ્રી સ.સા.ઔ.બ્ર. સમાજ ટ્રસ્ટ**

ગંગાબેન જપી સભાગૃહ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ. ફોન : (022) 28910330

**લોંગબુક-નોટબુકોના વિતરણની વ્યવસ્થા**

| **ધોરણ** | **લોંગબુક** |
|---|---|
| ધો.૧ થી ૩ | - |
| ધો.૪ થી૭ પ્રાથમિકશાળા | ૩૦ |
| ધો.૮ થી કોલેજ (ધો.૧૨થી ઉપર) | ૩૫ અથવા ૪૦ |

**લોંગબુક મેળવવા માટે પરીક્ષાના પરિણામની ઓરીજીનલ અને તેની ઝેરોક્ષ-નકલ સાથેજ લાવવા વિનંતી છે જે તપાસીને અને તેની ઝેરોક્ષ-નકલ રાખીને જ આ લોંગબુકો અપાશે.**

આ લોંગબુકોનું વિતરણ પ્રત્યેક લોંગબુક રૂા.૧૦/- થી અપાશે. ખૂબ જરૂરિયાતવાળા વિદ્યાર્થી ભાઈ બહેનોને આ લોંગબુકો વિનામૂલ્યથી અપાશે.

## વિનંતી

વિદ્યાર્થી ભાઈ-બહેનોને વિનંતી કરવામાં આવે છે કે વિવિધ શૈક્ષણિક પારિતોષિક અને શિષ્યવૃત્તિ માટે અને **પગથાર**માં પ્રકાશન માટે શૈક્ષણિક વર્ષ સન ૨૦૧૬-૨૦૧૭વર્ષની પરીક્ષાઓના આપના પરિણામની પ્રમાણિત નકલ તુરંત મોકલવા વિનંતી છે. પગથારમાં ધો. ૧૦ અને તેની ઉપરની કક્ષાઓના પરિણામો પ્રગટ થાય છે અને શ્રી સર્જન યુવક સંઘ તરફથી વિવિધ પારિતોષિકો ધો. ૫ થી અપાય છે. S.S.C. અને H.S.C. માં ૭૦% (overall) કે વધુ ગુણાંક અને એજ્યુએશનમાં ૬૦% કે વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોના ફોટા અને પરિચય પ્રગટ થાય છે. S.S.C. (Matriculation, I.C.S.E., C.B.S.C., ધો-૧૦) અને H.S.C. (હાયર સેકેંડરી - સેન્ટ્રલ બોર્ડ) પરીક્ષાઓ માટેના પારિતોષિકો અને "પગથાર"માં પ્રગટ થનારા વિદ્યાર્થીભાઈ-બહેનોના ફોટા-પરિચય ફક્ત Overall % ગુણાંક જ ગણતરીમાં થાય છે.

### વિશેષ વિનંતી

(૧) H.S.C. માર્કશીટની બંને બાજુની નકલ મોકલશો જેથી વિષયના નંબર સાથે વિષયના નામની જાણકારી મેળવી શકાય (૨) ફોટાની પાછળ અને માર્કશીટની ઉપર વિદ્યાર્થી ભાઈ-બહેનનું પુરૂં નામ-માતા અને પિતાનું પુરૂ નામ-ગામ લખવા વિનંતી છે જેથી પરિચયમાં સરળતા રહે.

**સંપર્ક : શ્રી સર્જન યુવક સંઘ**

૬, ગુરુકૃપા, ડૉ. મસ્કરન્સ વાડી,
નવવિકાસ સોસાયટી, નવાગાંવ ટેકરી,
ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, દહિંસર (વેસ્ટ), મુંબઈ-400068.

**શ્રી હરીહરભાઈ પ્ર. વ્યાસ**

મુક્તાગંન, ૧૬, ગંગોત્રી સોસાયટી, બળવંતપુરા.
હિંમતનગર, જિ. સાબરકાંઠા - 383001.


અનીરૂધ્ધ વા. જપી

**રસોઈ કામ માટે**

**જય અંબે કેટરર્સ**

M. (O) 9427803175
(O) 9725538987

લેબરથી તથા ડીસ કોન્ટ્રાક્ટથી રસોઈ બનાવનાર તથા રસોઈના વાસણો ભાડે આપનાર

**ઓફીસ : મેઈન બજાર, જેતલપુર, તા.દ્રસકોઈ, જિ.અમદાવાદ 382426 ફોન : (079) 2909 4083 (C.T.M.)**

**ઘર : C-૩૦૧, શ્રીનંદ રેસીડેન્સી, રાધે બંગલોજ અને સદ્‌ગુરૂ બંગલોજની પાસે, ન્યુ મણીનગર, વડોદરા એક્સપ્રેસ હાઈવે પાસે, (C.T.M.) અમદાવાદ 380026**




શૂન્ય થવું પણ ક્યાં સહેલું છે..?? 'બાદ' થઈ જવું પડે છે 'બાકી' થી!!!

## શ્રી સર્જન યુવક સંઘ
## સંજીવની (દેહોત્સર્ગ)

શ્રી સર્જન યુવક સંઘની સંજીવની યોજનાના સહભાગી **સુશ્રી કંચનબેન કોદરલાલ જોષી** (આગલોડ, સંજીવની સહભાગી ક્રમ : ૩૩૭) તથા **સુશ્રી મણીબેન કાન્તીલાલ જાની** (દેરોલ, સંજીવની સહભાગી ક્રમ : ૩૪) આપણે વચ્ચે હવે સદેહે નથી અને સ્મૃતિશેષ રહ્યા છે. સ્વ.કંચનબેનના નિયુક્ત સ્વજનને સંજીવનીના હાલના સર્વ સહયોગીઓનો ફાળો આ અગાઉ આપવામાં આવ્યો છે. અને સ્વ.મણીબેનનો સંજીવનીના હાલના સર્વ સહયોગીઓનો ફાળો શ્રી સર્જન યુવક સંઘમાં સદગતના નામના સહાય યોજના ફંડમાં ફેરવવામાં આવ્યા છે. તેથી સંજીવનીના હાલના સર્વ સહભાગીઓને તેઓ શ્રી સર્જન યુવક સંઘને તેમનો સંજીવનીનો ફાળો તુરંત મોકલવા વિનંતી છે. મુંબઈ, અમદાવાદ કે હિંમતનગરમાં આ રકમ "**શ્રી સર્જન યુવક સંઘ A/C સંજીવની**" ના નામથી તમારો ચેક અથવા રોકડા યુનીયન બેંક ઓફ ઈન્ડીયા, મંડપેશ્વર બ્રાન્ચ, બોરીવલી (વેસ્ટ), મુંબઈમાં સંસ્થાના સેંવિંગ ખાતામાં ભરી શકાય છે. સંસ્થાનો સેંવિંગ એકાઉન્ટ નંબર 355802010084654 છે. આ ચેક ભર્યા પછી તે બેંકની સ્લીપની પાછળ નામ, સરનામુ, રકમ, સહભાગી નંબર વિગેરે જણાવીને તે બેંકની સ્લીપ અમને મોકલવા વિનંતી છે. અથાવ તેનો ફોટો whatsapp મો.નં. 9867053517 ઉપર મોકલવા વિંનતી છે. આ ફાળો હિંમતનગરમાં શ્રી હરિહરભાઈ પ્ર. વ્યાસ (ફોન : 02772 - 232882) અથવા અમદાવાદમાં શ્રી બીપીનભાઈ અં. ઉપાધ્યાય (ફોન : M(O) 9724155316 ને ફાળો આપી શકાશે. દેહોત્સર્ગના ફાળાના રૂા.૧૫૦/- કે તેથી વધુ ફાળો જે સહભાગીઓના બાકી છે તેઓ સહુ આ યોજનામાંથી આપોઆપ ફારેગ થાય છે અને લાભાર્થી પણ નથી આ નોંધવા વિનંતી છે. જેઓનો સંજીવની ફાળો વધુ બાકી છે એ સહુએ આ ફાળો તુરંત આપવા ખાસ વિનંતી છે.

## શ્રી સર્જન યુવક સંઘ : સંજીવની :

શ્રી સર્જન યુવક સંઘના ઉપક્રમે સન૨૦૦૪ માં સંજીવની યોજના શરૂ કરાઈ છે. આ સંજીવની યોજનામાં સંકળાયેલા સ્વજનના શ્વાસ અટકી જાય - સ્વજનનો દેહોત્સર્ગ થાય ત્યારે તેમના નિયુક્ત વારસદારને (૧) આપવાથી આપણને ગર્વ ન થાય (૨) લાભકર્તાને સંકોચ નથાય (૩) સંજીવની લેવાય પણ કરજ ન ચઢે (૪) મદદ લેવાથી/આપવાથી લાગણી મ દુભાય અને (૫) કોઈની પાસે આભારની ઉઘરાણી ન કરાય એવી આ સંજીવની સામાજીક સુરક્ષા યોજના છે. આ યોજનામાં સંકળાયેલ સહભાગીની કાયમની વિદાયથી એમના નિયુક્ત વારસદારને જે તે સમયનો એકત્રિત ફાળો પહોંચાડાય છે. આ યોજના એક ઉપયોગી સ્વરૂપની છે. સન ૨૦૦૪ માં શરૂ કરાયેલ આ યોજનામાંના કુલ ૫૧ સહભાગી સ્વજનોમાં કુલ રૂા.૫,૦૯,૪૬૦/- નું યોગદાન અત્યારસુધી અપાયેલ છે.

ઘણી સંસ્થાઓમાં એક યા બીજા સ્વરૂપે આ યોજના કાર્યરત છે એ રૂએ શ્રી સર્જન યુવક-સંઘનો આ નમ્ર પ્રયાસ છે અને **એથી જ આપ સહુ સ્વજનોને સંસ્થાની આ સંજીવની યોજનામાં સંકળાવા - સહભાગી થવા વિનંતી છે.** આ સંજીવની યોજનામાં સંકળાવા આપે પ્રવેશશુલ્ક રૂા.૫૦/- અને ત્રણ કે વધુ દેહોત્સર્ગનો આગોતરો સંજીવની ફાળો રૂા.૧૫૦/- કે વધુ એમ કુલ રૂા.૨૦૦/- થી વધુ ચેકથી કે રોકડાથી મોકલવાના છે. ચેક "**શ્રી સર્જન યુવક સંઘ A/C સંજીવની**" ના નામથી મોકલવા વિનંતી છે. આ સંજીવની યોજનામાં સંકળાયેલ સહભાગીના પ્રત્યેક દેહોત્સર્ગ પ્રસંગે રૂા.૫૦/- નો સંજીવની ફાળો બાકીના સહભાગીઓએ આપવાનો રહેશે.

આ યોજનામાં અત્યારસુધી સંકળાયેલ સહભાગીઓનો સંજીવની ફાળો જેઓનો બાકી છે તેઓ સહુએ આ બાકી ફાળો તુરંત જ મોકલવા ફરી વિનંતી છે.

જીવનલીલા સંકેલી લીધા બાદ પણ અન્યોની જીંદગીમાં દ્રષ્ટિથી પ્રકાશ રેલાવતા જવું એમાંથી મોટું ક્યું પુણ્ય હોઈ શકે ?

**ચક્ષુદાન કરો અને એ પુણ્યના હકદાર બનો**

**દેહોત્સર્ગ**

આંખનું જતન કરો ! મૃત્યુ બાદ ચક્ષુદાન કરો !

પગથારમાં ચક્ષુદાતા/દેહદાતાની મરણનોંધ સાથે ચક્ષુદાતા/દેહદાતાનો ફોટો પ્રગટ થાય છે.

'પગથાર' ની આ મરણનોંધમાં સ્વર્ગસ્થ સ્વજનના નામ સાથે સગપણ અને નામો પ્રગટ થાય છે. આવા નામો અને સગપણ 'પગથાર' ને ઈ-મેઈલથી તુરત જ જણાવવા વિનંતી છે જેથી શરતચૂક ન થાય. સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિમાં લખાણ, ફોટો અને નામ પ્રગટ કરવાના હોય તેઓએ સ્વર્ગસ્થનો ફોટો, નામ અને લખાણની વિગતો જણાવવા વિનંતી છે. આવા એક આખા પાનાના રૂા. ૧૫૦૦/- શ્રી સર્જન યુવક સંઘને આપવાના થશે.

❒ **વસંતલાલ મોહનલાલ પંડયા** (આગલોડ, ઉ.વ.૮૨, સુશ્રી વસુમતીબેનના પતિ, સ્વ.શારદાબેન તથા સ્વ.રમણીકલાલ રેવાશંકર પાઠક (ખેડાવાડા)ના જમાઈ, કમલભાઈ, દીપીકાબેન પ્રફુલ્લભાઈ ઠાકર (ઉમેદપુરા), કેતનભાઈ, રૂપેશભાઈ, સુશ્રી ભાવનાબેન પુષ્કરભાઈ રાવલ (સાચોદર) તથા સુશ્રી કિરણબેન કિરણકુમાર રાવલ (વસાઈડાભલા)ના પિતા, સ્વ.લીલાવતીબેન તથા સ્વ.મોહનલાલ મનસુખરામ પંડયાના સુપુત્ર)નો હિંમતનગરમાં તા.૪-૩-૨૦૧૭ના રોજ સ્વર્ગવાસ થયો છે.

❑ **અનીલાબેન ભાર્ગવભાઈ પંડયા** (દેરોલ-રાયગઢ, ઉ.વ.૫૩, ભાર્ગવભાઈ પ્રવિણચંદ્ર પંડયાની પત્ની, રવિરાજ તથા જહાન્વીના મમ્મી અને સુશ્રી મંજુલાબેન તથા સ્વ.હસમુખલાલ નર્મદાશંકર વ્યાસ (દેરોલ)ની દીકરી)નો હિંમતનગરમાં તા.૬-૪-૨૦૧૭ના રોજ સ્વર્ગવાસ થયો છે.

❑ **મણીબેન કાન્તીલાલ જાની** (દેરોલ, ઉ.વ.૯૪, સ્વ.કાન્તીલાલ હીંમતરામ જાનીના પત્ની, અનંતભાઈ, વિનયભાઈ તથા સ્વ.મંદાકીનીના મમ્મી, સ્વ.રૂખીબા અને સ્વ.બળદેવરામ મહાસુખરામ પાઠક (ખેડાવાડા)ની દીકરી)નો મુંબઈમાં તા.૭-૪-૨૦૧૭ના રોજ સ્વર્ગવાસ થયો છે.

❑ **કંચનબેન કોદરલાલ જોષી** (આગલોડ, ઉ.વ.૮૪, સ્વ.કોદરલાલ મણીલાલ જોષીના પત્ની, દુષ્યંતભાઈ, સુશ્રી નલીનીબેન જગદીશભાઈ ભટ્ટ (આગલોડ), સુશ્રી મીનાબેન વિજયકુમાર પંડયા (થાણા) તથા સુશ્રી રક્ષાબેન અશોકભાઈ જોષી (પ્રેમપુર)ના મમ્મી, સ્વ.સન્મુખલાલ નાથાલાલ પંડયા (સંઘપુર)ના બહેન)નો વિજાપુરમાં તા.૭-૪-૨૦૧૭ના રોજ સ્વર્ગવાસ થયો છે.

❑ **ગુણવંતીબેન નાગરદાસ વખારીયા** (રાજના મમ્મી, સુશ્રી ઉષાબેન તથા શ્રી હરેન્દ્રભાઈ ડાહ્યાલાલ જાની (દેરોલ)ની દીકરી સુશ્રી ટીના રાજ વખારીયાના સાસુ)નો U.S.A.માં તા.૯-૪-૨૦૧૭ના રોજ સ્વર્ગવાસ થયો છે. સદગત ગુણવંતીબેન ના. વખારીયાના સહયોગથી શ્રી સર્જન યુવક સંઘ તરફથી S.S.C.માં Mathsમાં સર્વાધિક ગુણાંક મેળવનારને છેલ્લા ઘણા વર્ષથી પ્રતિવર્ષ એમના નામથી પારિતોષિક અપાઈ રહ્યુ છે.

**શ્રી સ.સા.ઔ.બ્ર.સમાજ ટ્રસ્ટ** તથા **સર્જન-પગથાર** સ્વર્ગસ્થોના આત્માની શાંતિ અર્થે પ્રાર્થના કરે છે અને એમના સ્વજનોને સાંત્વના પાઠવે છે.

## "મારા પપ્પા"

મને રમકડાનો આનંદ અપાવ્યો - મારા પપ્પાએ
મને ફુગ્ગાની મજા મણાવી - મારા પપ્પાએ
મને આઈસ્ક્રીમનો જલસો કરાવ્યો - મારા પપ્પાએ
મને ટ્રેઈનની સફરની મોજ કરાવી - મારા પપ્પાએ
મને ગાર્ડનમાં હીંચકે ઝુલાવી - મારા પપ્પાએ
મને સારી સ્કૂલનું ભણતર અપાવ્યું - મારા પપ્પાએ
મને શિસ્તતાનો ગુણ શિખવાડયો - મારા પપ્પાએ
મને સ્વાવલંબી બનાવી - મારા પપ્પાએ
તો કેમ એમનો ગુસ્સો આપણે આપણા હિતમાં નથી
ગણતાતો કેમ એમના કટૂ શબ્દો આપણે ગળી નથી જતા
આ જીંદગીની સફરમાં મમ્મીની મમતાનો તો
સહુ ઉલ્લેખ કરે છે પણ પપ્પાના યોગદાનનો
કોઈ આભાર ન માને

**કિંજલ સંઘવી**

## અભિનંદન

### શ્રી કૃણાલ ચિત્તરંજન વ્યાસ



**શ્રી કૃણાલ ચિત્તરંજન વ્યાસ** (દાવડ)એ તાજેતરમાં CQF (Certificate in Quantitaion Finance, U.K.) સફળતાપૂર્વક ઉત્તીર્ણ કરેલ છે. કૃણાલ CFA Charteredholder (U.S.A.) છે અને CQF કોર્સ તેમણે CFA Institute Continuing Education ના ભાગરૂપે પૂર્ણ કરેલ છે.

## અભિનંદન

### કુ.ખ્યાતિ પ્રકાશભાઈ પાઠક



**કુ.ખ્યાતિ પ્રકાશભાઈ પાઠક** (ખેડાવાડા)એ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનીવર્સીટીની B.Ed. પરીક્ષા તાજેતરમાં SGPA ૯.૨૭, CGPA ૮.૬૨, Grade A, First Class with Distinction થી સફળતા પ્રાપ્ત કરી છે. ખ્યાતિએ આ પહેલા સન ૨૦૧૫માં B.A (English) ની પરીક્ષા પ્રથમવર્ગમાં સફળતા પ્રાપ્ત કરી હતી એ પછી એ રીતે જ ખ્યાતિએ B.Ed. પરીક્ષા Special English સાથે સફળતા પ્રાપ્ત કરી છે. હવે તે M.A. કરવા ઈચ્છે છે. સારા ગુણાંક મેળવવા માટે ખ્યાતિ ધારેશ્વરદાદા તથા દાદા-દાદીના આશીર્વાદ તથા કોલેજ સ્ટાફ અને મમ્મી-પપ્પાના જરૂરી સૂચનો તથા પોતાના સતત અભ્યાસને શ્રેય આપે છે. ખ્યાતિને સારા પુસ્તકોના વાંચનનો અને ફરવાનો શોખ છે.

## પ્રેરણાસ્ત્રોત

### પિતા

થાક ઘણો હતો ચહેરા પર પણ,
અમારી ખુશી માટે અનહદ પરીશ્રમ કરતા જોયા છે.
આંખમાં ઉંઘ હતી ઘણી છતા પણ,
ચિંતામાં જાગતા જોયા છે.
તકલીફો ચારે બાજુથી હતી પણ,
હિંમત હાર્યા વગર એકલા હાથે લડતા જોયા છે.
કોઈને તકલીફ વર્ણવતા ન હતા, પણ
અડધી રાતે ખુલી આંખે, અમારા ભવિષ્યનાં સપના
સજાવતા જોયા છે.
પાઈ પાઈ ભેગી કરી અમારી ખુશી ખરીદતા જોયા છે,
એ ખુશી માટે પોતાના શમણાંઓ ને રોળતા જોયા છે.
પોતાની પસંદગીને નાપસંદ કરી,
અમારી પસંદગીને અપનાવતા જોયા છે.
વ્યક્તિ એક હતા પણ વિશેષતાઓ અનેક હતી,
પિતા સ્વરૂપે સર્જનહાર ને જોયા છે.


મને એવી ક્યાં ખબર હતી કે : 'સુખ અને ઉંમરને' બનતું નથી, ....પ્રયત્ન કરીને સુખને તો લાવ્યો, પણ.....ઉંમર રીસાઈને ચાલી ગઈ.... !!!

Posted at Malad N.D. Post Office, Mumbai - 400064.
Published On 2nd of every month
Positng on 3rd or 4th of every month

PAGHTAR (12)
May - 2017

R.N. 18727/69
Regd.No. MH/MR-NW-153/2017-19

પપ્પા હંમેશા મહાન જ હોય છે. તોય એના મહાન સંતાનો
એની ક્રેડીટ મમ્મીને આપે છે. છતા પપ્પા મૌન સેવે છે. બસ
એટલે જ પપ્પા મહાન છે. પપ્પાની મહાનતા કોઈ કવિઓ,
લેખકો કે વિવેચકોની મોહતાજ નથી
બસ એટલે પપ્પા મહાન છે.

મમ્મીએ મને ડરતા શીખવ્યું, પપ્પાએ મને લડતા શીખવ્યું,
મમ્મીએ મારી ઠેંસ પર મલમપટ્ટી કરી છે, પપ્પાએ ઈ ઠેંસ
જોઈને મારી ધૂળ કાઢી છે, મમ્મીએ મને સંવેદનશીલ
બનાવ્યો, જ્યારે પપ્પાએ મને સૈનિક બનાવ્યો છે. મમ્મીને
સમજી શકાય પણ પપ્પાને સમજવા સંતાનોની ફૂટપટ્ટી
હંમેશા ટુંકી પડે છે.

પપ્પા જે સીઝનનું પહેલું ફ્રુટ ઘરમાં લાવે અને કોઈના
થેંક્યુંની પણ અપેક્ષા ન રાખે, આ પપ્પા જે કદી કોઈનું
ધાર્યું કરે નહીં અને પોતાનું ધાર્યું બધું કરાવે.

યાદ રાખજો પપ્પા નોકરીમાંથી રીટાયર્ડ થાય છે,
મગજથી નહીં.... મારો અહમ, મારી બુદ્ધી, મારૂ સ્વમાન,
મારૂ જ્ઞાન, મારી આવડત અને મારૂ આવું ઘણુ બધું જ....
મારા પપ્પાના પરસેવાના ચાર ટીપા સામે ક્ષુલ્લક છે.

દરેક સંતાનનો પ્રથમ પુરુષ એકવચન એટલે પપ્પા...
આમ તો, પોલાદ ને મે કદી સ્પર્શ્યુ નથી, હા હું મારા
પપ્પાને અડ્યો છું. પપ્પાના મજબૂત હાથે જ્યારથી મારૂ
બાવડું પકડ્યુ છે ત્યારથી મારી રગેરગમાં
એક નિર્ભયતા દોડી રહી છે.

પપ્પા એક પ્રકૃતિ છે જેમાં સતત બદલાવ આવ્યે રાખે છે.
આ પપ્પાને સમજવા આપણે કદાચ ફરી જન્મ લેવો પડશે.
આ પપ્પા રીટાયર્ડ થઈ શકે, ટાયર્ડ નહીં.... !

એક શ્રીફળ સમુ વ્યક્તિત્વ એટલે મારા પપ્પા,
બહારથી કડક અને અંદરથી ભીના ભીના, પપ્પાનો સ્વભાવ
કદી સુધારી ન શકાય કારણ કે ઈ પપ્પા છે. પપ્પાને એની
તમામ મર્યાદા સાથે સ્વીકારાય કારણ કે ઈ પપ્પા છે.

મારા ઘરની વન મેન સરકાર એટલે પપ્પા,
આત્મવિશ્વાસનો અડીખમ ગિરનાર એટલે પપ્પા, હિંમતનો
દરિયો અને ક્રોધનું ઝાડ એટલે પપ્પા, સંતાનોના રક્ષણની
સલામત વાડ એટલે પપ્પા.

આ પપ્પા જે સવારે થપ્પડ મારે અને સાંજે બગીચે ફરવા
લઈ જાય છે. આ પપ્પા જે પહેલા ખૂબ રોવડાવે અને પછી
દિવાળીના ફટાકડા લઈ આવે. આ પપ્પા જે પોતે સાઈકલ
સ્વીકારીને છોકરાવને બાઈક અપાવે.

આ પપ્પા જે સંતાનોની બધી ઈચ્છા પુરી કરવા
પોતાની તમામ ઈચ્છા દફનાવે.

તમે સ્વીકારો કે ન સ્વીકારો હું તો સ્વીકારૂ છું કે
આપણા પપ્પા પાસે આપણે કંઈ જ નથી.

પપ્પાની સાયકલની સીટ પર બેસીને જે દુનિયા મે જોઈ છે
એ દુનિયા તો મને આજે મારી ફોર વ્હીલર કારમાંથી
પણ નથી દેખાતી. ક્યાંક એ દુનિયા પપ્પા સાથે રીટાયર્ડ તો
નથી થઈ ગઈ ને ? પપ્પાએ માંડ માંડ લોન લઈને
લીધેલું એ પેલુ મકાન,જેના વ્હાઈટ વોશ કરવા માટે
પપ્પા પાસે પૈસા નહોતા.

છતાય ઈંટે ઈંટે પપ્પાના પરસેવાનો કલર અમે અનુભવેલો
પપ્પાને મારી કિંમત છે, ને પપ્પા મારી હિંમત છે.

**અને છેલ્લે :**

માણસ ઉમરલાયક તો થાય છે, પણ ઘણા ઓછા ઉમરને લાયક થાય છે.

If undelivered return to:

**PAGTHAR**
**Gujarati - Monthly**
**SHRI SARJAN YUVAK SANGH**

6, Gurukrupa,
Dr. Mascarans Wadi, Nav Vikas Society,
Navagaon Tekri, Off Laxman Mhatre Road,
Dahisar (West), Mumbai - 400 068.

To,
*Shri*

આ પગથાર પ્રકાશનમાં થતા લેખ દ્વારા વ્યક્ત અભિપ્રાયો પગથારના તંત્રી, મુદ્રક, પ્રકાશક કે માલિક સંમત છે એમ સ્વિકારવું નહીં. પગથાર - શ્રી સર્જન યુવક સંઘ સંબંધી વિવાદોનું ન્યાયક્ષેત્ર મુંબઈ રહેશે. (Subject to Mumbai Jurisdiction) માલિક : શ્રી સર્જન યુવક સંઘ, મુંબઈ, ૬, ગુરૂકૃપા, ડૉ. મસ્કરન્સ વાડી, નવવિકાસ સોસાયટી, નવાગામ ટેકરી, ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, દહિસર (વેસ્ટ), મુંબઈ - 400068 વતી તંત્રી-મુદ્રક-પ્રકાશક : શ્રી વિજય અમૃતલાલ વ્યાસે, લકી પ્રિન્ટર્સ, ૪૦ મહેતા ઈન્ડ. એસ્ટેટ, લીબર્ટી ગાર્ડન ક્રોસ રોડ નં.૩, મલાડ (વેસ્ટ), મુંબઈ 400 064 માં છપાવી શ્રી સર્જન યુવક સંઘ, ૬, ગુરૂકૃપા, ડૉ. મસ્કરન્સ વાડી, નવવિકાસ સોસાયટી, ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, નવાગાંવ ટેકરી, દહિંસર (વેસ્ટ), મુંબઈ - 400068 થી પ્રગટ કર્યું.Printed, Published & Edited by Shri Vijay Amratlal Vyas On behalf of Shri Sarjan Yuvak Sangh, 6, Gurukrupa, Dr.Mascarans Wadi, Nav Vikas Society, Off Laxman Mhatre Rd, Navagaon Tekri, Dahisar (West), Mumbai 400068, Printed at Lucky Printers, 40, Mehta Ind. Estate, Liberty Garden Cross Road No.3, Malad (W) Mumbai - 4000 64 & Published at Shri Sarjan Yuvak Sangh, 6, Gurukrupa, Dr. Mascarans Wadi, Nav Vikas Society, Off Laxman Mhatre Rd, Navagaon Tekri, Dahisar West, Mumbai 400 068 Editor Shri Vijay Amratlal Vyas.